# પુસ્તક એટલે જ્ઞાનની પરબ

શ્રી તુષાર ડી. શાહ ભરૂચ. 9825672696

અમદાવાદ, ૨૩ એપ્રિલે "વિશ્વ પુસ્તક દિવસ" છે. પુસ્તક. બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં ! જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉમરલાયક વ્યક્તિ પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોક્તિ ને સ્થાન નહીં. શાસ્ત્રોની વાત કરીએ તો જે પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવત જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શકયા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ રીતે જીવવું એ જાણી ન શકયા હોત. વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન સમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું અથવા જરા પણ પસંદ નથી કરતાં. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઑડિયો વિડ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક એકસ્ટ્રા ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે જુના નવા પુસ્તકાલય પણ સ્થાપાય છે ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન સમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. દુનિયાના અગણિત પુસ્તકાલયો, શોખીન પુસ્તકો, પ્રસિદ્ધિ લેખકો સાથે ઉમરતા લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તકપ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે.

# પુસ્તક ન વાંચનાર લોકોએ વાંચનાર લોકોની આંગળી પકડીને ચાલવું પડે છે

અમદાવાદ, ૨૩ એપ્રિલ એટલે વિશ્વ પુસ્તક દિવસ. જરા વિચારો પુસ્તકોનું આપણા જીવનમાં શું મહત્વ ? પુસ્તકો વગરની આ દુનિયા કેવી હોત ? શું માનવની આટલો ભર્યો માનસિક વિકાસ થયો હોત ? આપણી આટલી ભર્યો સભ્યતાનો વિકસિત થઈ હોત ? શું ગ્લોબલાઈઝેશનની શરૂઆત પુસ્તકો વિના થઈ હોત ? શું માનવી ચંદ્ર સુધી પહોંચી શકયો હોત ? કદાચ ના ! પુસ્તકો વગર જગત આખું વિચારશૂન્યતાના ભવંડરમાં ક્યારનુંય ફંગોલાઈ ગયું હોત... પુસ્તકોમાં એક શક્તિ છે. એક આખા જગતને બદલવાની, સમાજર્ખાને કેળવવાની. કદાચ પુસ્તકના આ મહત્ત્વને સમજવા, સમજાવવા અને તેને કાયમ રાખવા જ વિશ્વવ આખું ૨૩ એપ્રિલને 'વિશ્વવ પુસ્તક દિવસ' તરીકે ઊજવે છે. તો આવો ૨૧મી સદીમાં ૨૦૨૩ની ૨૩મી એપ્રિલે આપણે સૌ પુસ્તકોની દુનિયામાં ડૂબકી લગાવીએ....પુસ્તકો વિનાની

દુનિયાની કલ્પના તમે કરી શકો ?. તસ્વીરમાં અમદાવાદનાં એક એવા પ્લેટર છે જેને પુસ્તકો સાથે ઈલુ-ઈલુ છે. તેમનું નામ છે ડૉ. વિનિત પરીખ, એમબીબીએસ. કે જેઓ પોતાના અમદાવાદ સ્થિત ક્લિનિકમાં જ લાઈબ્રેરી ચલાવે છે. અને તેના ૧૦૦૦ જેટલા મેમ્બર્સ પણ છે.

તેમની સાહિત્ય પ્રવૃત્તિ ફુંકમા : ? બે પુસ્તકો પ્રસિદ્ધ : ૧) જ્ઞાનીવાલીપીનારા ૨) ગુલદસ્તો ? તબીબી કવિ સંમેલનોમાં કવિ તરીકે કાવ્યોની રજૂઆત ? તબીબી કાવ્ય સ્પર્ધામાં ખ્યાતનામ કવિ શ્રી કૃષ્ણ દવે દ્વારા પ્રથમ ઈનામ વિજેતા ? ૧૯૯૫ થી ક્લિનિકમાં અલગ રૂમમાં સ્મૃતિ સેવા ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક લાઈબ્રેરી ની સ્થાપના - ★ ૫૦૦૦ થી વધુ પુસ્તકો ★ આજ સુધીમાં ૧,૦૦૦ થી વધુ સભ્યો ★ છેલ્લા પાંચ વર્ષમાં અનેક સાહિત્યિક પ્રવૃત્તિઓ ★ વાચક સામાજો, અવલોકન સ્પર્ધાઓ, સાહિત્યક પ્રવાસો, પુસ્તક મેળાઓની સામૂહિક મુલાકાતો, પુસ્તક વિક્રેતાની સામૂહિક મુલાકાત, સામૂહિક પુસ્તક ખરીદી, સાહિત્ય સ્પર્ધાઓ, ઓનલાઈન ક્વિજ, ઓનલાઈન ઝૂમ મિટીંગ.....વગેરેનું આયોજન.

## સ્પેશિયલ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો
## ૨૦૦૨ નરોડા ગામ હત્યાકાંડના ૨૧ વર્ષ બાદ સ્પેશિયલ કોર્ટે ૬૯ આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા

અમદાવાદ, ૨૧ વર્ષ બાદ સ્પેશિયલ કોર્ટે નરોડા ગામ હત્યાકાંડના કેસ માં તમામ આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. સ્પેશિયલ કોર્ટે આ મામલે ચુકાદો આપ્યો છે. ત્યારે વકીલે જણાવ્યું હતું કે, અંદાજે ૧૦૦૦ પેજનો ચુકાદો હોઈ શકે છે. ૨૦૦૨ નરોડા ગામ હત્યા કેસમાં સ્પેશિયલ કોર્ટમાં ૫ એપ્રિલે ચુકવણી પૂર્ણ થયા બાદ કોર્ટ દ્વારા ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. આ કેસમાં હવે કોર્ટ આજે ચુકાદો સંભળાવ્યો છે. આ કેસમાં માયાબેન કોડનાની, બજરંગ દળના કાર્યકર્તા બાબુભાઈ બજરંગી, વિશ્વ હિન્દુ પરિષદના નેતા જયદીપભાઈ પટેલ અને તત્કાલિન કોર્પોરેટર વલ્લભભાઈ પટેલ સહિત ૮૬ સામે ગુનો નોંધાયો નોંધવામાં આવ્યો હતો. જોકે, તેમાંથી ૧૭ તો ચુકાદો આવે તે પહેલા જ મોત થઈ ગયા છે. જેથી ૬૯ આરોપીઓ સામે કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો. આરોપીના વકીલે જણાવ્યું હતું કે, અત્યંત સંઘર્ષપૂર્વક જેમ બાહ્ય સત્યનો વિજય થયો છે. જજમેન્ટની કોપી આપી નથી. ૧૫ માર્ચથી દલીલો પૂર્ણ કરી. પાંચ તારીખે સરકારી વકીલે ભચાવપક્ષનો જવાબ આપ્યો. આમરે ૨૦ તારીખે ચુકાદો જાહેર કર્યો છે. વર્ષ ૨૦૦૨માં કોર્ટમાં નરોડા ગામ હત્યાકાંડ કેસની ટ્રાયલ શરૂ થયો હતો. તેમાં તપાસ અધિકારીઓ અને સાક્ષીઓના નિવેદનો નોંધાયા બાદ ૨૦૧૭થી બંને પક્ષ તરફથી દલીલો શરૂ કરવામાં આવતી હતી. આ કેસ પર બંને પક્ષ તરફથી દલીલો પ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી. સમગ્ર ટ્રાયલ દરમિયાન ફરિયાદ પક્ષે ૧૮૩ સાક્ષીઓ રજૂ કર્યા હતા, જેમાં ૧૧૩ જેટલા પીડિતો અને તેમના સંબંધીઓ, ૨૪ પંચ સાક્ષીઓ, ૨૬ પોલીસકર્મચારીઓ અને ૧૨ જેટલા ડોક્ટર્સનો સમાવેશ થાય છે. કોલ ડિટેઈલ્સ તથા સ્ટિંગ ઓપરેશનને પણ ફરિયાદી પક્ષે કોર્ટમાં રજૂ કરી આધાર બનાવ્યા હતા. બીજા તરફે બચાવ પક્ષે પણ ૧૦ જેટલા સાક્ષીઓ રજૂ કર્યા હતા. ગોધરામાં સાબરમતી એક્સપ્રેસનો જ્ઞ૬ ડબ્બો સળગાવવાની ઘટના બાદ ગુજરાત રાજ્યમાં રમખાણ-તોફાનો ફાટી નીકળ્યા હતા, ૨૧ વર્ષ પહેલા બનેલી નરોડા ગામની આ મોટી ઘટનામાં ૧૧ લોકોને જીવતા સળગાવી નખાયા હતા. આ કેસમાં વર્ષ ૨૦૦૮માં સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસ માટે જૂની રચનાનો આદેશ આપવામાં આવ્યો હતો. નરોડા પાટિયાની જેમ નરોડા ગામમાં પણ હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનામાં ગુજરાતના તત્કાલિન મંત્રી માયાબેન કોડનાણી, બજરંગ દળના કાર્યકર્તા બાબુ બજરંગી, વિશ્વ હિન્દુ પરિષદના નેતા જયદીપ પટેલ, તત્કાલિન કોર્પોરેટર વલ્લભભાઈ પટેલ સહિતના ૮૬ આરોપી સામે ગુનો નોંધાયો હતો.

# જામનગરમાં વિદ્યાર્થિની પર દુષ્કર્મ કેસમાં લંપટ આચાર્ય વડોદરાથી ઝડપાયો

જામનગર, જામનગરના બહુ ચર્ચાયી સત્ય સાઈ સ્કૂલના જે તે સમયના પ્રિન્સિપાલ મનીષ બુચ દ્વારા ૧૫ વર્ષની સગીર વિદ્યાર્થિની પર આચાર્યની ચેમ્બર અને અવારનવાર આઠ વર્ષ દરમિયાન દુષ્કર્મ ગુજારવા અંગે દાખલ થયેલી ફરિયાદને લઈને જામનગર પોલીસ દ્વારા આચાર્ય મનીષ બુચનો કબજો વડોદરાથી મેળવી જામનગરના સ્પેશિયલ પોક્સકો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં પોલીસની દલીલોને ધ્યાને લઈ ગંભીર ગુનાને અનુસંધાને કોર્ટે પણ સમાજમાં કલંકરૂપ આ ઘટનાને ગણી પીડિતા અને પીડિતાના પરિવારને ન્યાય મળે તે હેતુથી ૨૪ એપ્રિલ ૨૦૨૩ બપોરે ૧૧ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરતા મનીષ બુચને પોલીસ જાપ્તા વચ્ચે પોલીસ કસ્ટડીમાં લઈ જવાયો છે. આચાર્ય મનીષ બુચ સામે અગાઉ એ જ શાળામાં ટાટના પેપર લીક કૌભાંડમાં પણ ફરિયાદ નોંધાયેલી છે. જામનગરની પોશ વિસ્તારમાં આવેલી સત્ય સાઈ સ્કૂલમાં વર્ષ ૨૦૧૯માં જાન્યુઆરીમાં લેવાયેલી ટાટની પરીક્ષા દરમિયાન કેન્દ્ર સંચાલક તરીકે જે તે સમયના આચાર્ય મનીષ બુચ ફરજ પર હતા, તે દરમિયાન જ પરીક્ષાર્થીઓએ શાળાના સીલ તૂટેલા પેપર આવતા હોબાળો મચાવ્યો હતો અને શિક્ષણ વિભાગ પણ સમગ્ર ઘટનાક્રમને લઈને હરકતમાં આવ્યું હતું. અંતે તે સમયના ઈન્ચાર્જ શિક્ષણ અધિકારી બીનાબેન દવે પણ દોડી આવ્યા હતા અને મોડી રાત્રે ૨૮, જાન્યુઆરી, ૨૦૧૯માં પ નંબરના કેન્દ્ર સંચાલક મનીષ બુચ સામે પરીક્ષામાં બેદરકારી દાખવા અને પેપરના ખેવના સીલ ખુલેલા મળ્યા અંગે ફરિયાદ નોંધાવી હતી. શું છે સમગ્ર મામલો?... તે જાણો.. આ ઘટનાક્રમ બાદ હાલ મનીષ બુચ કે, જે જામનગરની ભાગોળે આવેલી લાખાબાવળ પાસેની એક ખાનગી શૈક્ષણિક સંસ્થામાં કેમ્પસ પ્રાયરેક્ટર એકેલે કે, મહત્વની પોસ્ટ ઉપર ફરજ બજાવતા હતો.

તેવામાં પૂર્વ શાળાની વિદ્યાર્થિનીએ આઠ વર્ષથી અવારનવાર મનીષ બુચ દ્વારા શારીરિક શોષણ કરી દુષ્કર્મ ગુજારવા અંગેની આપવીતી વર્ણવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જામનગરના સીટી બી ડિવિઝન પોલીસ મથકે ૧૦ એપ્રિલ, ૨૦૨૩માં સત્ય સાઈ સ્કૂલની એક વિદ્યાર્થીનીએ પોતાના જ આચાર્ય મનીષ બુચ સામે પોતા પર અવારનવાર આઠ વર્ષ દરમિયાન દુષ્કર્મ ગુજારવા અંગે આપવીતી વર્ણવતા પોલીસ દ્વારા આ અંગે ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. આ ગુનો નોંધાતા જ મનીષ બુચ કે જેના પર સંગીન આરોપ લાગ્યો હતો, તે જામનગર છોડી પલાયન થઈ ગયો

હતો. મનીષ બુચની વડોદરાથી પીસીબી દ્વારા ૧૮ એપ્રિલના અટકાયત કરવામાં આવી હતી. બાદમાં જામનગરમાં લાવવા ૧૯ એપ્રિલે સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ વાઘેલા સવારે પહોંચી ગયા હતા અને સાંજે જામનગરમાં લાવી સ્પેશિયલ પોક્સકો કોર્ટમાં રજૂ કર્યો હતો. જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં રજૂ કરાતા જજ દ્વારા આગામી તારીખ ૨૪, એપ્રિલ ૨૦૨૩ સુધીના ૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મહત્વની વાત એ છે કે, આઠ વર્ષ દરમિયાન અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં મનીષ બુચ ફરજ બજાવી ચુક્યો છે.

# UN રિપોર્ટમાં સામે આવ્યા આંકડા, હવે વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો ભારત

ન્યુયોર્ક, ભારત હવે દુનિયામાં સૌથી વધુ વસ્તીવાળો દેશ બની ગયો છે. આ વર્ષે જાન્યુઆરીમાં ભારત ચીનની વસ્તીથી આગળ નિકળી ગયાના સમાચાર આવ્યા હતા, પરંતુ હવે સંયુક્ત રાષ્ટ્રએ આ વાત પર મહોર લગાવી દીધી છે. સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા કોષના આંકડા પ્રમાણે ભારતની વસ્તી હાલ ચીનના મુકાબલે ૨૯ લાખ વધુ છે. પરંતુ તે સ્પષ્ટ નથી કે ભારતે ચીનને જનસંખ્યાના મામલામાં ક્યારે પાછળ છોડ્યું છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના રિપોર્ટ પ્રમાણે દુનિયાની વસ્તી હવે ૮ અબજથી વધુ થઈ ગઈ છે. જનસંખ્યા કોષના રિપોર્ટનું શીર્ષક 'હવે અજબની જિંદગીઓ, અનંત સંભાવનાઓ છે.' સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ પ્રમાણે ભારતની વસ્તી હવે ૧ અબજ ૪૨ કરોડ ૮૬ લાખ છે, તો ચીનની વસ્તી હવે ૧ અબજ ૪૨ કરોડ ૫૭ લાખ છે. આ રીતે બંને દેશોની વસ્તીમાં ૨૯ લાખનું અંતર આવી ચુકયું છે. ૧૯૫૦થી સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યાનો આંકડો રાખે છે અને ત્યારથી આ પ્રથમવાર છે, જ્યારે ભારતે વસ્તીના મામલામાં ચીનને પાછળ છોડી દીધુ છે. સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા કોષના મીડિયા સલાહકાર અજા જેફરીઝે જણાવ્યુ- હાં તે સ્પષ્ટ નથી કે ભારતે ચીનને ક્યારે પાછળ છોડ્યું છે. હકીકતમાં બંને દેશો વચ્ચે સીધી રીતે તુલના કરવી મુશ્કેલ છે કારણ કે બંને દેશોના ડેટા કલેકશનમાં થોડું અંતર છે. તેમણે કહ્યું કે આ રિપોર્ટથી સ્પષ્ટ છે કે ચીનની જનસંખ્યાનું લેવલ પાછલા વર્ષ પીક પર પહોંચી ગયું હતું અને હવે તેમાં ઘટાડો થવા લાગ્યો છે. તો ભારતની વસ્તી હાલ વધારાની દિશામાં છે. પરંતુ ભારતની પણ વસ્તીનો ગ્રોથ રેટ ૧૯૮૦ બાદ ઘટાડા તરફ છે. તેનો મતલબ તે થયો કે ભારતમાં વસ્તી તો વધી રહી છે પરંતુ તેનો દર પહેલાના મુકાબલે ઓછો થયો છે.

## રાજ્યમાં આગામી ૫ દિવસ આખા ગુજરાતમાં હવામાન સૂકું રહેવાની સંભાવના : હવામાન વિભાગ

નવીદિલ્હી, આગામી ૫ દિવસ મોટાભાગે હવામાન સૂકું રહેવાની આગાહી અમદાવાદના હવામાન કેન્દ્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. અઠવાડિયાની શરુઆતમાં રાજ્યના દક્ષિણ ભાગમાં કમોસમી વરસાદ થયા બાદ આજે પણ હવામાન સૂકું રહેવાની આગાહી હવામાન વિભાગ વ્યક્ત કરી રહ્યું છે. આ સાથે હવામાન વિભાગે તાપમાનમાં ઘટાડો થયા બાદ વધારો થવાની પણ સંભાવના વ્યક્ત કરી છે. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ રાજ્યના હવામાન અંગે આગાહી કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં આગામી ૫ દિવસ આખા ગુજરાતમાં હવામાન સૂકું રહેવાની સંભાવના છે. વરસાદ થવાની શકયતાઓ નથી. આ સાથે તેમણે રાજ્યમાં તાપમાનનો પારો શરુઆતના દિવસોમાં નીચો આવવાની પણ શકયતાઓ વ્યક્ત કરી છે. ડૉ. મોહંતીએ જણાવ્યું છે કે, રાજ્યમાં તાપમાનો પારો ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. હાલ જે તાપમાન છે તેનાથી ઘટીને સામાન્ય અને સામાન્યથી નીચે તાપમાન જવાની શકયતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. જોકે, તેમણે ત્રણ દિવસ પછી રાજ્યના તાપમાનમાં વધારો થવાની શકયતાનો વ્યક્ત કરી છે. આ સમયે તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી ત્રણ દિવસ સુધી અમદાવાદમાં તાપમાનમાં મોટા ફેરફારની શકયતાનો નથી.

બુધવારે શહેરમાં ૪૦.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આગામી ત્રણ દિવસ સુધી શહેરના તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી રહેવાની સંભાવના છે. અમદાવાદ માટે કોઈ એલર્ટ હાલ આપવામાં આવી રહ્યું નથી.

# પાટણમાં કોંગ્રેસના કાર્યક્રમમાં ધારાસભ્ય કિરીટ પટેલ ગેરહાજર

પાટણ, ગુજરાત કોંગ્રેસમાં ફરી ખેંચાતાણ સર્જાઈ હોય તેવું જણાઈ રહ્યું છે. પાટણમાં કોંગ્રેસના કાર્યક્રમમાં ધારાસભ્ય કિરીટ પટેલ ગેરહાજર રહ્યાં છે. કોંગ્રેસના ભારત સત્યાગ્રહ સંમેલનમાં ધારાસભ્ય કિરીટ પટેલ ગેરહાજર રહેતા અનેક રાજકીય ચર્ચાઓ શરૂ થઈ છે. પાટણના પદ્મનાભ ચાર રસ્તા પાસેના એક ખાનગી પાર્ટી પ્લોટમાં કોંગ્રેસનું ભારત સત્યાગ્રહ સંમેલન યોજાયું હતું જેમાં ગુજરાત પ્રદેશના પ્રમુખ જગદીશ ઠાકોર પૂર્વ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો કાર્યક્રમો તેમજ ધારાસભ્ય હાજરા હતા આ સંમેલનમાં જગદીશ ઠાકોર વિદ્યાર્થી નેતા યુવરાજસિંહના સમર્થનમાં આવ્યા હતા અને ભાજપને સલાહ આપી હતી કે યુવરાજસિંહ જેવા માટે તો રેડ કાર્પેટ પાથરવી જોઈએ તો વધુમાં જગદીશ ઠાકોરે ભાજપ ઉપર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, આઝાદી વખતે ભાજપના વડવાઓ અંગ્રેજો સાથે હતા. ગુજરાતમાં અને દેશમાં તાનાશાહી તેમજ હિટલરશાહીની સરકાર ચાલી રહી છે તેની સામે બંડ પોકારવા અમે નીકળ્યા છીએ તે પ્રકારની વાત કરી હતી આગામી સમયમાં કોંગ્રેસ આક્રમક કાર્યક્રમો ભાજપ સરકાર સમક્ષ આપશે તે પ્રકારની વાત પણ કરી હતી જો કે મહત્વની બાબતએ હતી કે, આ સમગ્ર કાર્યક્રમમાં ખુદ પાટણ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ ગેરહાજર રહ્યા હતા

સાથે જ રાધનપુર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય રઘુ દેસાઈ પણ ગેરહાજર રહેવાં હતા. એક બાજુ સંગઠન અને એકતાની વાતો કરતી કોંગ્રેસના ખુદ ધારાસભ્ય ગેરહાજર રહેતા પાટણના રાજકારણમાં અનેક તર્ક વિતર્કો સર્જાવા પામ્યા છે. પાટણ ખાતે કોંગ્રેસનો ભારત સત્યાગ્રહ કાર્યક્રમ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની અધ્યક્ષતામાં યોજાયો હતો. જે કાર્યક્રમમાં પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ ગેરહાજર રહેતા રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે. કોંગ્રેસે રાહુલ ગાંધી સામે થયેલા કેસ મામલે કાર્યક્રમ યોજયો હતો તેમજ આ કાર્યક્રમમાં પાટણ જિલ્લાના તમામ કોંગ્રેસના ધારાસભ્યને હાજર રહેવા ફરમાન પણ હતું. જેમાં કિરીટ પટેલ ગેરહાજર રહેતા અનેક તર્ક વિતર્ક શરૂ થયો છે. કિરીટ પટેલ સાથે રઘુ દેસાઈ પણ ગેરહાજર રહ્યા છે. જો કે, તમને જણાવી દઈએ કે, જગદીશ ઠાકોર સામે અગાઉ રઘુ દેસાઈએ આક્ષેપ કર્યા હતાં. વિધાનસભાની ચૂંટણી બાદ રાધનપુર કોંગ્રેસના ઉમેદવાર રઘુ દેસાઈએ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોર પર ગંભીર આક્ષેપો લગાવતા રાજકારણ ગરમાયું હતું.

# ભાવનગરમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા થઈ પૂર્ણ, લોકોએ પોલીસ કર્મચારીઓનો આભાર માન્યો

ભાવનગર,

રાજયભરના ૯ લાખ ૫૩ હજારથી વધુ ઉમેદવારોની મહેનતની કસોટી છે. સુસ્ત પોલીસ બંદોબસ્ત અને કેમેરાની બાજ નજર વચ્ચે પરીક્ષાર્થીઓ જુનિયર ક્લાર્કની પરીક્ષા આપી રહ્યાં છે. ભપોરે દોઢ વાગ્યા સુધી પેપર ચાલશે. ત્યારે અત્યાર સુધી આ પરીક્ષામાં કોઈ વિઘ્ન આવ્યું નથી. ત્યારે લાખો ઉમેદવાર અને તંત્રએ આખરે રાહતનો શ્વાસ લીધો છે. જુનિયર ક્લાર્કની પરીક્ષા પૂર્ણ થવાના આરે છે. થોડીવારમાં જ જુનિયર ક્લાર્કની પરીક્ષા પૂર્ણ થશે. ગુજરાત સરકારે સકળતાથી મોટું અભિયાન પાર પાડ્યું છે. સરકાર પર પેપરલીકનો જે દ્રાગ અગાઉની પરીક્ષા પર લાગ્યો હતો, તે આ પરીક્ષામાં લાગવા ન દીધો. પેપર પૂરુ થયા બાદ વિદ્યાર્થિઓ હકસતા ચહેરે પરીક્ષા સેન્ટરથી બહાર નીકળ્યા હતા. તેમના ચહેરા પર રાહતનો શ્વાસ દેખાઈ રહ્યો હતો. તો બીજી તરફ, તંત્રએ પણ વિઘ્ન વગર પરીક્ષા પૂરી થતા તેમની મહેનત ફળી તેવુ જણાવ્યું હતું. વિદ્યાર્થિઓએ બહાર આવ્યા બાદ જણાવ્યુ હતું કે, પેપર થોડું લાંબુ હતું, પણ સારુ રહ્યું. આમ, પેપર આપ્યાનો હાશકારો તેમના ચહેરા પર હતો. કારણ કે, અગાઉ અનેકવાર આ પરીક્ષા તેઓ આપી શક્યા ન હતા. ત્યારે તેમની મહેનત ફળી છે. રાજયભરમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા શાંતિ પૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. પરીક્ષા ખંડથી બહાર આવીને ઉમેદવારોએ કહ્યું, પેપર લેંપી રહ્યું, ઈ વિભાગમાં મોટાભાગના ઉમેદવારોને સમય ઘટ્યો. પંચાયતી રાજ, જોડકા સહિત ઈતિહાસના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ઈતિહાસ અને ગણિતના પ્રશ્નોમાં સમય વધારે બગડ્યો. મેરીટ નીચું રહેવાની શકયતા ઉમેદવારોએ દર્શાવી છે. તો ૮૫ થી ૯૫ માર્ક મેરીટ રહે તેવી શકયતા દર્શાવી છે. ત્યારે થોડા દિવસો પહેલા વિદ્યાર્થિ નેતા યુવરાજ સિંહે સરકારી નોકરીની ભરતીમાં ડમી ઉમેદવારોના કીભાંડનો પર્દાફાશ કર્યો હતો. ત્યારે ભાવનગરના તળાજામાં પોલીસ દ્વારા પાંચ લોકોની અટકાયત કરાઈ છે. જુનિયર ક્લાર્કની પરીક્ષાને લઈને પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે. ભાવનગર પોલીસ દ્વારા પાંચ લોકોની તળાજા પોલીસમાં અટકાયત થઈ છે. અગાઉ ડમી ઉમેદવાર કાંડમાં યુવરાજસિંહે અમુક લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો. જેથી આજે પરીક્ષા હોય સાવચેતીના ભાગરૂપે તેમની અટકાયત કરાઈ છે. આજે મહામહેનત જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાઈ રહી છે, ત્યારે ઉમેદવારોને કોઈ અડચણ ન આવે તે માટે બપાએ મકદરુ સાથ લંબાવ્યો છે. આવામાં અમરેલીના ખાંભાના નાની ધારી નજીક બંધ પડેલા ટ્રકને કારણે ૧૧ પરીક્ષાર્થીઓ પરેશાન થયા હતા. એસટી. બસમાં આવતા પરીક્ષાર્થીઓ બંધ પડેલા ટ્રકના કારણે રસ્તો ભ્લોક થયો હતો. પરંતુ આવામાં અમરેલી પોલીસ દેવદૂત બની હતી. કોટીનાર કુમ્ભનગર એસટી બસના પરીક્ષાર્થીઓને પોલીસે ગાડીમાં પોલીસ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચતા કર્યા હતા. ગીર સોમનાથ જિલ્લાના ૧૧ પરીક્ષાર્થીઓ માટે પોલીસ દેવદૂત સાબિત થઈ. ખાંભાથી અમરેલી સુધી પરીક્ષાર્થીઓને ખાંભા પોલીસ મુકવા પહોચી હતી. ૧૧ વિદ્યાર્થીઓની પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચતા વિદ્યાર્થીઓ ગળગળા થયા હતા અને પોલીસ કર્મચારીઓનો આભાર માન્યો હતો. આ પરીક્ષામાં ઉમેદવારોને હાલાકી ન પડે તે માટે જુ નિગમે પણ વધારાની બસોની ફાળવણી કરી હતી. આમ છતાં રાજકોટ, અમરેલી અને સાબરકંમાં અમુક ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર શોધવામાં નિષ્ફળ રહ્યા હતા. આવા પરીક્ષાર્થીઓને પોલીસ કર્મચારીએ મદદ કરી છે. તો આ પરીક્ષામાં અનેક લોકોએ મદદનો હાથ લંબાવ્યો હતો.


ICICI Home Finance | કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ફાઈનાન્સ કંપની લિ., આઈસીઆઈસીઆઈ બેંકબાંધકામ, આઈસી બેંક ટાવર, બોડકદેવ - સૂર્યા હોટ, એસેટીફોર્ટ, મુંબઈ -૪૦૦૦૫૧, ભારત
શાખા ઓફિસ : સોલ્ડ બાય, ૭૫૦, માર્કાસ્ટોન પાર્કિંગ, સોલ્ડ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૧

(કલમ નં.૮(૬)ની જોગવાઈ મુજબ)
સ્થાવર મિલકતના વેચાણ માટે નોટિસ

ફિનાન્સીયલ એસેટ્સ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફિનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના કલમ ૮(૬)ની જોગવાઈ હેઠળ લોન ખાતાના નિયમોના સંબંધમાં સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-નિલામી નોટિસ પબ્લિક જનતા તથા તમામ લોકોને જણાવવા ઉપરાંત અને ખાસ કરીને નીચે જણાવેલા કરજદારો અને જામીનદારોને અત્રેના આથી કે, આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ના સત્તાધારક અધિકારી દ્વારા નિચે મુકેલી મિલકતોનો બોજિક કબ્જો લેવામાં આવ્યો છે, આ નિચે મિલકતોની વિગતો નીચે પ્રમાણમાં આથી છે. તા આથી નિલામિલકતો, જે છે જેવી છે, જે છે જેવી છે તમને જે કંઈ પણ સલાહ કે તમને કોઈ પણ સલાહ પત્રક નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચવા કરવામાં આવશે.

| ક્રમ નં. | દેવાદારોનું/સહ દેવાદારોનું/જામીનદારોનું/કરજદારોના નામ તથા લોન ખાતાનું. | જણાવેલ મુકેલ મિલકતોની વિગતો અને જાહેરમાં ઓફર રાખી, જો હોય તો | બાકી લેણાં રકમ(રૂ) | અનામત કિંમત બાકાતની રકમ કિંમત | નિલામ નિરિક્ષણની તારીખ અને સમય | ઈ-નિલામીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (અ) | (બી) | (સી) | (ડ